## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 26

આશાજી સાંભળો મોમનો ગુરજી કહે છે, પીર હુસન કબીરદીન
તેનું નામજી;
ગુર વચને તે પાંડવ ચાલ્યા, તે નામ રહ્યા રહેમાન. હરી૦ (૩૧૩)

આશાજી ગુરના કહીઆ જે જીવ ન કરશે, તે થાશે કોરવાની જોડજી;
જાતે દહાડે ખોટા પડશે, તે જાશે ઘોર અંધાર. હરી૦ (૩૧૪)

આશાજી ગુર કંથી કંથી ગીનાન સુણાયા, મોમનેકું ચેતાયાજી;
કરો હુશીયારી ચીંતા રાખો, ઝીકર કરો મોરાભાઇ. હરી૦ (૩૧૫)

આશાજી હુમહી સુઝાના હુમે નર પાયા. મોમનેકું ભેદ બતાયાજી;
પંથ મારગ સતના આલ્યા, આલ્યા અથર વેદ. હરી૦ (૩૧૬)

આશાજી રૂગ જુજર શામજ ગયા, અથર તણો થયો વારોજી;
મુસલમાની શાહ રૂપ દેખાડયા, આડે આવ્યા અલી સોહી.
હરી૦ (૩૧૭)

આશાજી મુસલમાની રૂપ શાહ દેખાડયા, દેખે સરવે સંસારજી;
મોમન જીવુંને રૂપ દેખાડયા, નર અવતાર ઇલાહી. હરી૦ (૩૧૮)

આશાજી કલજુગમાંહે કહીં પાખંડ થાશે, થાશે તે ખોટા ખોટજી;
એ તખતે જે નર બેસે, તેને શ્રેવો મોરાભાઈ. હરી૦ (૩૧૯)

## Day 26 (continued)

આશાજી મહેર કરો મોરા સામી, મનમાંહે મયા કરોજી,
જીવ વળગ્યાં તે તમારા જાણો, દેજો તેને દીદાર. હરી૦ (૩૨૦)

આશાજી દીઓ દીદાર મહેરજ રાખો, દયા આણો હીયારીજી;
કલજુગ ખોટા તે સરવેઈ ખોટા, તેમાં હાથીણું દઈને ઉગારો.
હરી૦ (૩૨૧)

આશાજી મહેર કરો તમે મોરા સામી, નવછુગાની પાઘ વીચારોજી;
હાથીણું દઈ ને ઉગારો મોરા સામી, તારીએ તારણહાર. હરી. (૩૨૨)

આશાજી મહેર કરી તમે તારો મોરા સામી, તારીએ નર તુંહીજી;
સાહેર થઈ તમે મોતી નીપાયા, તેમ તમે રાખો મહેર. હરી. (૩૨૩)

આશાજી મોતી હીરા સબ તેરે હાથ, સીફ માંહે સમાણાંજી;
સતકી મહેરે મોતી નીપાયા, જોત થઈ રહેમાન. હરી. (૩૨૪)

આશાજી જોત તમારી જબ સો હોવે, તબ સો હોવે હીરાજી;
માતાના થાન સો મોરેથી આવે, પછે આવે સો બાલ. હરી. (૩૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*d*o. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)